# ‘વાઢ’ વાવનારને ઝાઝેરી ખમ્માયું

ચૈત્ર-વૈશાખનો કાળો તાપ આપણા જીવની માથે ફળફળતો પાલવ પ્રસરાવતો હોય. ગળું સુકાઈ જાય અને કોરી જીભ તાળવે ચોંટતી હોય. બૅગમાં સંગાથે લાવેલ વૉટરબૉટલનું પાણીય નિસાસા નાખતું હોય. હોઠ પણ રણની રેત બની ઘડીએ ઘડીએ ભીનાશ માગતા હોય. બુશર્ટની અંદર પરસેવો નીતરતો જાય અને લૂ મોઢા પર વાગતી હોય. પહેરેલું જીન્સ તો સાત પેઢીના વેરી જેવું ભારેખમ લાગતું જાય. બેહવાની ઇચ્છા થાય પણ નખ્ખોદ જાય રોડવાળાનું, સરખા છાંયડાનું ઝાડવું નો દેખાય. એવા ટાણે તમને આઘે લાલડાનો સિસોડો દેખાય વાદળી કલરનો...

...નવી નવી જવાબદારી માથે ઓઢી હોય એવા કાચા કુંવારા માવતર જેવા દેખાતા જુવાન દેહ સિસોડા હારે લમણાઝીંક કરતાં હોય. એનું બોલતા ન શીખેલું છોકરું ધોંસરીની આડશે સાડીના ખોયામાં સૂતું હોય.

ધણિયાણીના એક હાથમાં સ્ટીલનું પવાલું હોય બીજો હાથ સિસોડામાં શેરડી પધરાવતો જાય. ધણી સિસોડાના સંગાથે મોટી ધોંસરી જેવા લાકડાને ધક્કો મારી ગોળ ગોળ ફરતો જાય. સિસોડામાં વચ્ચોવચ ગોઠવેલા લાકડાના બે ગોળિયા ફરતા જાય, વચાળે શેરડી ભીંસાતી જાય. ધણિયાણીની ઓઢણીનાં પાલવ માથે રસના છાંટા પડતા જાય. તમે ત્યાં પહોંચો અને પેલું ખોયામાં સૂતેલું છોકરું મીઠી કિલકારી કરે. ધણીધણિયાણી આંખથી આવકારો આપે. તમે માગો એ પહેલાં મોટો લોટો ભરી શેરડીનો રસ તમારા હાથમાં અંબાવે. પહેલો ઘૂંટડો ભરો અને તમને સમજાય કે સમુદ્રમંથનમાં છેલ્લે જે નીકળ્યું ઈ અમૃત નહીં શેરડીનો રસ હતો!

બસ આવી જ અનુભૂતિ નીલેશ ગોહિલલિખિત નિબંધસંગ્રહ ‘વાઢ’માંથી પસાર થતી વખતે તમને થશે. દિવસો સુધી આ સંગ્રહના નિબંધોમાં રહેલી મીઠાશ તમે મમળાવશો.

વાઢ એટલે આમ તો ખેતરમાં ઊગેલી શેરડીનો સમૂહ. જેણે જીવનમાં શેરડીનાં ખેતર નહીં જોયાં હોય એણે નિશાળમાં ભણતી વખતે માસ્તરના મોઢે કલાપીનું ‘ગ્રામ્ય માતા’ કાવ્ય સાંભળ્યું હશે. પાઠ્યપુસ્તકમાં એ કવિતા સંગાથે પ્રતાપસિંહ જાડેજા (પ્ર.) એ દોરેલા ચિત્રમાં શેરડીનો વાઢ ચોપડીમાં તો જોયો હશે અને શબ્દશ:અનુભવ્યો હશે.

નિબંધકાર નીલેશ ગોહિલના નિબંધના વિષયો અને ગદ્ય મારા ઉમળકાનું મુખ્ય કારણ છે. આ સંગ્રહ વાંચતો હતો ત્યારે એક એક નિબંધ સાથે મારી દશે આંગળિયુંના ટચાકા ફૂટતા હતા. આ મેં માત્ર વાંચ્યું નથી, શેરડીના રસની જેમ ઘટ ઘટ પીધું છે. વાચક તરીકે પેટમાં ટાઢો શેરડો પડ્યો છે મને કે, ખમ્મા મારી ભાષા અને ખમ્મા મારું નિબંધસાહિત્ય, રમતો ભમતો રાંદલમાએ ખૂંદનાર દીધો નવોનક્કોર.

નીલેશ ગોહિલ સાથેનો પ્રથમ પરિચય મધ છે. એમની પોતાની મધની ખેતી છે. આ નિબંધસંગ્રહમાંથી પસાર થતી વખતે મને એ નવાઈ પણ લાગી કે કેમ આ મનેખે મધનો નિબંધ નહીં લખ્યો હોય? પણ પછી થયું કે એમ કંઈ મધપૂડો તરત થોડો બંધાય છે! આવશે, હજી તો ઘણા વિષયોનો પમરાટ અનુભવનાં પુષ્પોમાંથી ચૂંટીને આપશે આ ગદ્યકાર.

સંબંધની દૃષ્ટિએ એક રીતે નીલેશ અમારો જમાઈ. એમના ઘરેથી શાનુ એ અમારી દીકરી. ભાવનગર મુકામેથી અમારા મહેન્દ્રસિંહ પરમારસાહેબે ગુજરાતી ડિપાર્ટમેન્ટનું એવું વાતાવરણ સર્જ્યું કે અમે બધાં એક જ ખોરડાનાં ભાંડરડાં ગણાઈએ. શાનુ સાહેબની વિદ્યાર્થિની, ડિપાર્ટમેન્ટની દીકરી તો એ નાતે નીલેશ અમારો જમાઈ. તો જમાઈ, આ ઉમળકો એ ‘કરિયાવરમાં કાગળ’

(પારુલ ખખ્ખરને પૂછ્યા વગર એનું શીર્ષક લીધાનો સાધિકાર હરખ) જાણજો.

'વાઢ'ના નિબંધોમાં બે વાત મારું સૌથી વધુ ધ્યાન ખેંચે છે, એક તો નીલેશનું ખેતર અને બીજા નીલેશના બાપુ. બાપુ હોં, પપ્પા નહીં. નિબંધકાર કહે છે એમ મોઢામાં મીઠા પાનનું બીડું મૂકી દીધું હોય અને આખું ગલોફું ભરાઈ જાય એવો શબ્દ બાપુ. બાપુ સાથેનો સંબંધ અને આખા નિબંધસંગ્રહમાં છૂટકછૂટક રીતે અને 'હૅપી ફાધર્સ ડે' નિબંધમાં જરા વિગતે બહુ રસ પડે એવું વ્યક્તિચિત્ર આપણને મળે છે.

બાપદીકરાના સંબંધમાં મને સૌથી વધુ રસ પડે એ બાબત છે 'નહીં થયેલો સંવાદ'. આ વાત અહીં સોળે કળાએ ખીલી છે. લેખકનું ખેતર પાઘડીની માથે મોરપીંછ થઈને આખા પુસ્તકમાં વાચકને હોંકારા આપે છે. વાચકની આંખોમાં સીમમાં પાકેલા મોલાતનો અસબાબ વિસ્તરશે, વાડની સૂડિયાની વેલ અને ખટમીઠા સેતૂર વાચકની જીભે કોળશે, બપોરના તાપમાં ધોરિયાનું પાણી વાચકોના પગને પંપાળશે અને વાચકની નજર સામે એ જ્યાં બેસીને વાંચતો હશે ત્યાં 'ખડ' ઊગી નીકળશે… ખડ હોં, ઘાસ નહીં. લેખક કહે છે એમ ઘાસ તો ભણેલાગણેલાનું, અમારે મન તો સાડી સત્તર વાર ખડ.

નીલેશનું ભાવવિશ્વ જડ અને ચેતનનો ભેદ નથી કરતું એટલે એ જે જિજ્ઞાસાથી દૂધરાજ અને સક્કરખોર પક્ષીના અસ્તિત્વની વાત માંડે એવા જ રસથી એ ખેતરમાં કૂવાની કાંખમાં બેસેલા મશીનની વાત કરે છે. દૂધરાજના અવાજમાં સંગીત શોધતા લેખકને મશીનના ભખ્ભખ્ભખ્ અવાજમાં પણ ગમતીલો લય દેખાય છે.

સંગ્રહના બીજા બધા નિબંધોથી નોખું ગોત્ર અને ભાવજગત લઈને બેસેલો નિબંધ 'શેષ-વેશ'. ભવાઈ અને આખ્યાન પરંપરાના ભવ્ય ભૂતકાળ તરફ લેખકે સ્મરણગલીની આંગળી ઝાલી છે.

મને મારા બાળપણના આખ્યાન સાથે જોડાયેલા રૂપાળા અનુભવો લખવા આ નિબંધે ધક્કો માર્યો છે. નવા સમયમાં મનોરંજનનાં અઢળક માધ્યમો વધ્યાં ત્યારે ભવાઈ પરંપરાનું વન્ડર જે રીતે ક્ષીણ થયું એની વાત લેખક સ્વસ્થ અવાજે મૂકી શક્યા છે.

'વાઢ' સંગ્રહના નિબંધોને પ્રતીકો અને ભાષાનું વજન નથી. અહીં ચાના સબડકા સાથે સ્માઇલ છે. સીમમાં થયેલી આજનાં સમયના ગ્રામબાળની પરવરિશ છે. અહીં ચકીબાઈ તગારાનો સ્વિમિંગ પૂલ કરી માથાબોળ નહાય છે.

ગુજરાતી ભાષાને નિબંધસાહિત્યમાં મળેલા આ બળૂકા અવાજના કપાળે કંકુચાંદલો કરું છું. સમકાલીન હોવાનું ગૌરવ લઈ, પાલવને દાંત તળે દબાવી, સરસતીમાતા આગળ ખોળો પાથરી પાયલાગણ કરું છું. હરખાતો ઢોલ વગાડીને શેરિયુંમાં લાંબા ઢાળે કહું છું કે, "મારી ભાષામાં નીલેશ ગોહિલ નામનો નિબંધકાર 'વાઢ' જેવો સશક્ત નિબંધસંગ્રહ લઈને આવ્યો છે.

એ સાગમટે સૌ રસના ઘૂંટડા ભરજો બાપ!"

**– રામ મોરી**

# વાઢ



મને સાંભરે છે ત્યારથી વાડીમાં શેરડીનો વાઢ ઊભો જ હોય. વાઢ એટલે શેરડીનો બાગ, પણ મારે મન શેરડીનો ઘેરો. શેરડી વાવવા માટે શેરડીની જ જરૂર પડે. એટલે શેરડી વાવવાની થાય ત્યારે મારે પોતે જ ખરપો ધારણ કરવો પડે. ખરપો એટલે શેરડી કાપવાનું ઓજાર. હું માની લઉં છું કે, તમારા જેવા સજ્જનને 'ખરપા જેવો' કહી કોઈએ સંબોધન નહીં કર્યું હોય. બાકી મને તો હાલતાંચાલતાં 'ખરપા જેવો' કહીને કૈંક વખત નવાજ્યો હશે. શેરડી કાપવાની થાય ત્યારે બાપુ, 'મને એલરજી સે' એમ કહીને છાણમાટીનો કોઠો મારા શિરે મૂકીને છટકી જાય. આ કામ એટલું તો અઘરું હોય છે કે, ધોળા દિવસે તારા દેખાડી દે. હું દસમામાં ફેલ થયો એટલે બાપુને દોડવું હતું ને ઢાળ મળ્યો. મારા માથે કામનાં વાજાં વાગવા લાગ્યાં.

ખરપો લઈને ભડાભડી શેરડી પછાડી, પછી ફોલી ન રહું ત્યાં સુધીમાં હું આખો લાળું લાળું થઈ જાઉં, અને તેના લવકારાનો કોઈ પાર ન રહેતો. રાતી છોળ ભરોળું ઊપડી જતી. ડિલ આખું ગરમરે, પણ કહેવું તો કહેવું કોને? શેરડી ફોલાઈ જાય પછી લાકડાનો ઢેબો ગોતીને નગોડના છાંયે બી ઘડું, પણ ખરપો બૂંધો થઈ ગયો હોય તો જ્યાં રાડા માથે ઘા મારું ત્યાં રાડું ફાટી જાય, આંખને ઈજા થાય, પછી એ ઊગે નહીં, એટલે ખરપાનું પાનું પાણા સાથે ઘસું બરાબરનું... પછી શેરડીના રાડા ઉપર ખરપાનો ઘા કરું ત્યારે દોઢ બે વેંતનો શેરડીનો કટકો સોટિયાવા આઘો મોઈદાંડીયે રમતા ત્યારે મોઈ જેમ ઊછળીને પડતી તેમ પડતો. રાડામાં કાતળિયું લાંબી હોય તો ત્રીજી કાતળિયે બે ગાંઠ વચ્ચેનું ભડકલું કાઢતું જવાનું, નહીંતર શેરડીનું બી પારવું ઊગે. બી ઘડાઈ જાય પછી તગારા ભરી માથે ઉપાડીને કરેલા ધોરિયાની ધારે પાથરીને જાવ કૂવે મશીન વહેતું કરવા. કૂવો થોડો ખાડામાં કપાણે એટલે ઊતરતી વખતે ધ્યાન રાખવાનું. જો જરાકય ગમ ખાઈ ગયા તો ધુબાંગ કરતાં સીધા જ કૂવામાં! આડેઅવળેથી હેન્ડલ ગોતી મશીનને ફટકી મારું... જો મૂડમાં હોય તો એક ફટકીમાં ઊપડી

જાય, પણ મૂડમાં ન હોય તો લાસરાં લેવડાવે. મશીન વહેતું થઈ જાય એટલે પાણી ક્યારે પહોંચે એ પહેલાં ધોરિયો રાગે કરવાનો. ખડ, બોરડીનું તીરખું, મૂળિયાં, સાંઠીકડાં, કૂંચો વગેરે જે કાંઈ હોય તેને એક બાજુ કરીને ધોરિયો ટીકડી ટી કરવાનો, નહીંતર પાણી ધોરિયામાં જ રીજે પાવાનું હોય તે ન પીવે અને ઉલાળો ખૂટી જાય... અને ગાઠનું કૂડ પી જાય તે અલગ. દોડાદોડીમાં પાટલૂનના પાયસા ક્યારે ઢીંચણ સુધી ચડાવી દીધા હોય એનું કાંઈ ભાન ન રહ્યું હોય.

એક એક ધોરિયામાં ધીમું ધીમું પાણી જવા દેવાનું. નહીં તો શેરડીનું કાતળું ખૂતે નહીં. પગથી ભીંસ આપો કે માથે પગ પછાડો ઉપર ને ઉપર જ રહે. તોય મોહકામાં તો કોદાળીથી સરેરી કરું ત્યારે જ મેળ પડે. એમાં કંઈ લાગવગ ન ચાલે. બી સાચ વચાળે મૂકી, માથે પગ મૂકતો જાઉં, ત્યારે ચારેક આંગળ પગ ખૂંતી જાય અને 'ભખળક' અવાજ આવે તો સમજી જવાનું કે સિક્કો લાગી ગયો, કાતળું સીધું સાચમાં જ રાખવાનું, બાગુંત્રાંગુ રહે તો ઢૂંઢવામાં કે'વારે. બીજું ધ્યાન એ પણ રાખવાનું કે ક્યાંય ખાલાં ન પડે, અને બી ઘાટું ઊગે.

આખા ખાળિયામાં પગ દીધા હોય તેની સોસરી ચાસમાં મારાં પગલાંની ડિઝાઇન બની જાય. તેમાં બીજી વખત પાણી જવા દઉં ત્યારે જોયા જેવી થતી. આંખ કાનને જોવું સાંભળવું ગમતું, જાણે આંખ કાનની માનતા એકસાથે પાકતી. ઠેઠ પછાટે પાણી પૂગતું ત્યારે પાણીને મોઢે ફીણ આવી જતાં. પછી તો ભોં ફાડીને શેરડી કોટા કાઢે ત્યારે ભોંમાંથી આપોઆપ ભાલાં જાગતાં હોય તેમ લાગતું. શેરડી વાવેલ ભોં ચુળાતી ન હોય જાણે!

શેરડી સોંપીને ટાંટિયા તૂટીને ત્રણ થઈ જાય. પથારીમાં પડ્યા પડ્યા ઈસ સાથે ભટકાડું, પગમાં એવું લાગે જાણે કોઈએ ખાંડી ખાંડીને પાણા ન ભરી દીધા હોય! બા પૂછે, 'પગ દુઃખે સે?' બા ઊના ઊના રોટલા સોળીને ઘી ગોળનું સોયેલું કરી દે. ખાઈને હું સૂવા મથું પણ ઊંઘ આડુંઅવળું તાણતી હોય. બા આવે, ખાટલાની

પાંગતે બેસે. પિંડીઓ દબાવતાં દબાવતાં બા બોલે, 'ગોટલા ચડી ગ્યા સે.' બા પગને દબાવતી હોય ત્યારે કળતરને જ ઊંડે ઊંડે ભંડારી દેતી હોય એવું અનુભવાતું. પછી કળતર ક્યારે હથિયાર હેઠાં નાખી દેતું એની કાંઈ ખબર નહોતી રહેતી.

શેરડી હજુ ઊગીને સમીનમી ન થઈ હોય ત્યાં જ ઢૂંઢવાનું શરૂ કરી દેવું પડે, નહીંતર ખડ ક્યાંય માગ ન દે. એક બે વરસાદ થઈ જાય પછી શેઢે પાળે સાચમાં બધે જાતભાતનું ખડ ઊગી નીકળે. મારે તો ખડ સાથે બાપે માર્યું વેર.

વરસાદય હારોહાર હમસી ખૂંદતો હોય, ગારે ગારો કરી મૂકે, વળી હેલી થાય તો બીક. ક્યાંક શેરડી મૉર ખડ ન થઈ જાય! મારી માઠી દશા બેસી જાય પછી પાણીમાં મુઠ્ઠિયું ભરવા જેવું થતું. બહાર હેલી ને હૈયે અંગારા ઊઠતા હોય, તોય હું હૈયા ઉપર હાથ રાખું. વરસાદ ખરાડ આપે, દંતાળ, ડાઢા, સાંતી, સાંતીનાડ, રાસ, શીંકલાં, જોતર, લોઢિયો, રાપ, ખરપિયો, આઠાની પાનુ વગેરે જ્યાં ત્યાંથી ભેગું કરું ત્યાં તો મારા બાર વાગી ગયા હોય. ઢાંઢા ધરાઈને ઢમઢોલ થઈ ગયા હોય, પણ સાંતી પાસે આવતા મૂવાને ઘા વાગે. તે વાગે જ ને! તમને કોઈને સાંતીએ જોડવાનું હોય તો? હું તો આવળની પાતળી સોટી કાપું એટલે સબળ આવે સાંતી પાસે. આખો ઉનાળો પોરો ખાધો હોય તો પછી બચારાને થોડુંક તો જોર આવે જ ને? ખડ કાઢવા સિવાય ક્યાં એનો કે મારો છૂટકો હતો? ત્રણ ચાર વખત સાંતી ફેરવીને પાળા ચડાવી દઉં પછી નિરાંત. શેરડી કેડ કેડ સમાણી થઈ જાય પછી ખડ જખ મારે. શેરડીને પાળા ચડી જાય પછી એમ થાય કે મારા હાથ થોડાક વધારે લાંબા ભગવાને આપ્યા હોત તો હું નો હું મારો વાંહો થાબડી લેત 'વાહ ભાયડા વાહ' કહીને. પોતાના પગ ધોઈને ચરણામૃત લઈ લેત, ખોટું શું કહેવું!

શેરડી માથોડું માથોડું થઈ જાય પછી બાપુનું ઑડિટ આવે, શેરડીમાં આંટો મારે એટલે મારા મનમાં બીક ગરી જાય કે ક્યાંક ગલકું ન કાઢે તો સારું, પણ થાય એવું જ. બાપુનો આદેશ આવે.

મને આદેશ કરતાં નોટિસ વધારે લાગતી અને હુકમથી એનું પાલન કરવાનો શિરસ્તો પહેલેથી પડેલો. ‘શેરડીમાં ખાતર નાખવું પડશે.’ એટલું કહે ત્યાં મારા ગાઢ મોકળા થઈ જાય અને હાંજુ માંડે ગગડવા. બાપુ નોટિસ આગળ વાંચે, ‘સારવાર હાથમાં લેવી પડસે, નકર શેરડીમાં રહ નઇ સડે ને થઈ જાસે બોયાં.’ આટલું બોલે પછી મારા માટે ના પાડવાની ગરકછીંડીય ન રહે, ને બાપુનો આદેશ મારા માટે ચરણરજ.

બાપુ બીજે દિવસે ખાતરની થેલી શેઢે મૂકીને કહે, ‘ખાતર નાખી દેજે, વધવુંય નો જોવી ને ઘટવુંય નો જોવી ઈ રીતે નાખજે.’

ખાતરની ડોલ ભરીને મંડી પડું મરણિયો થઈને ખાતર નાખવા. મોઢે રૂમાલ બાંધી દેવાનો, નહીં તો મોઢું કોઈને બતાવ્યા જેવું ન રહે. એક ચાસમાં સોસરો નીકળું ત્યારે અઢાર અક્ષૌહિણી સેના ચોસરોં ન નીકળી ગયો હોઉં જાણે! શેરડીની પતરીમાં લાળું ને એમાંય લીલાં આગળાં બાપ રે બાપ... જાણે બેધારી તલવાર્યું સરોડી નાખે. હું વાઢમાં અધવચાળે પહોંચું ત્યારે મૂંઝારો મૂંઝવી મારતો. હમણે જીવ લીમડે લટકી જશે કે શું? પરસેવાનો રેલો પગની પાનીએ પહોંચ્યો હોય. શ્વાસ છાતી કૂટે, જરા અમથી પવનની લેરખી આવે ત્યાં તો બત્રીસે કોઠે દીવા થઈ જાય. હજી તો એક જ ચાસ લેવાણો હોય, આખો ઘેરો તો બાકી જ હોય. ત્યારે હું નો હું મને કહેતો હોઉં, ‘નાખ્યા પછી ક્યાં નાખવું છે?’ વળી અભિમન્યુ ચકરાવોની જેમ મરણિયો થઈને મંડી પડું ખાતર નાખવા, ખાતર નાખીને માંડ ઘરે પહોંચું, ખાટલો જડે તો કેમ, નહીંતર ઓસરીની કોરે જ ઢગલો થઈ જાઉં. આખા ડિલે ભરોળ ઊપડી ગઈ હોય. બંને હાથમાં નકરા ઉઝરડા ત્રોફાવ્યા હોય એવું લાગતું. શરીર આખું થાકીને લોથ થઈ જાય, હાથમાં લાંળુ વાગી હોય એને ચૂલે તપાડવા પડે. બીજે દિવસે સવારે ઊઠું ત્યારે લાગે કે, કોઈએ પથારીમાં જ બાંધી દીધો છે કે શું? એવું તે આખું શરીર જડાઈ જતું.

પછી રાત ઉજાગરા શરૂ થઈ જતા. વાહું જવું પડે નહીંતર રાતમાં લૂમખો લૂંટાઈ જાય. સવારે જુઓ તો ધનોતપનોત કરી મૂકે ભૂંડડાં. શેરડીને મૂળિયાં સોંતી ઓદકાળી નાખે, બીજી વખત ફૂટવાપણું ન રહેવા દે. ખાય એના કરતાં દસગણો તો બગાડ કરે. વાઢ ફરતાં ફરતાં ફરો તો બધું બરાબર લાગે, પણ અંદર જઈને જુઓ ત્યારે ખબર પડે, ખળા વા ભોંમાં મેદાન કર્યું હોય, ખેદાનમેદાન કહો તોય કાંઈ ખોટું નથી, રમખાણ મચાવેલી નજરે પડે. પછી એ શેરડી ઢોર પણ ન સૂંઘે એટલે ઠેઠ લંકાના સરેથી ભારો માથે ઉપાડીને લાવું એ મારી મહેનત પણ પાણીમાં.

શેરડીનો વાઢ પાકે ત્યાં જીવ ગળોગળ આવી ગયો હોય, પણ મુઠ્ઠીમાં ન સમાય એવી સાંઠાની કાતળીઓ અને મોભારે પહોંચે એવા સાંઠા જોઈને જીવ હેઠો બેસે. શેરડી બાદશાહની પાઘડી માથે કલગી જેવું સમરુ કાઢે એટલે સમજી જવાનું કે વાઢ પાકી ગયો. પછી વાઢને મૂકું ખરપો, શેરડીના ભારા માથે ઉપાડી બહાર થપ્પો મારી દઉં. મને હજુ સોં ન વળ્યો હોય ત્યાં બાપુએ માર્ગના કાંઠે સિચોડો મૂકી દીધો હોય. સિચોડો હાંકવાં પણ હું નો હું એકલો જ મૂળગો મોચીડો.

ક્યારેક બાપુ હોય તો ટાઢા છાયે પાંગથ વગરના ખાટલે અડધું ડિલ લંબાવીને બીડિયો ખેંચતા હોય અને ચાલતા બળદનું પૂછડું આમળતાં રહેતા. બે બીડી વચાળે જરા પણ ખાલું ન પડવા દે, જગતી બીડીથી નવી બીડી પેટાવી લે. ખોટી દીવાસળી ન બગડે એવી તો મારા બાપા કરકસર કરતા.

હું શેરડીનાં સોતાં સાથે વળ ખાતો હોઉં. પહેલી વખત સિચોડામાં રાડું ઓરું ત્યારે કવલી ગાયના આંસળમાંથી દૂધની છેડ ફૂટે તેમ રાડામાંથી રસની છેડ્યું ફૂટતી, ફૂટીને મારા મોઢા ઉપર ઊડતી. સિચોડો મારી મહેનતને નવાજતો ન હોય જાણે! સોતાને છેલ્લી વખત ઓરું ત્યારે મશીનને ભી પડી જતી. ધુમાડાના ગોટેગોટા ભલે કાઢી મૂકે પણ શેરડીના રાડામાં રસનું એક ટીપું

રહી જાય એ વાતમાં માલ નહીં. કારણ કે, કઢેલા દૂધ જેવો રસ એમાંથી જ તો નીકળે. એ અમરત જેવો સ્વાદ માણનાર ગ્રાહક વખાણ કરે એટલે આપણી મહેનત વસૂલ, આઠ દસ મહિનાની મહેનત લેખે લાગે, પણ ખાખરાની ખિસકોલી કેરીનો સ્વાદ શું જાણે? અત્યારની પ્રજાને તો કોકા કોલા, પેપ્સી, થમ્સઅપ જેવાં ભાતભાતનાં ઠંડાં પીણાંમાં જ અમરત દેખાય છે. હવે તમે જ કહો, એ સુધરીને ધૂળ થઈ ગયેલી પ્રજાને હું કઈ રીતે સમજાવું?